Gujarati

Leicester City Council

# ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સ

**(Child Protection Conference)**

## માવતર અને સંભાળ રાખનારા માટે એક માર્ગદર્શન

**(A guide for Parents and Carers)**

**એક ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સ શું છે?**

એક ચાઇલ્ડ પ્રોટેક્શન (બાળ સુરક્ષા) કોનફ્રન્સ એક મિટીંગ હોય છે જે જોવા માટે ગોઠવવામાં આવી હોય છે કે શું બરાબર ચાલી રહ્યું છે અને કઇ બાબત વિષે અમને ચિંતા થાય છે તેમજ એ નક્કી કરવા કે હવે પછી શું થવું જોઇએ.

**કોનફ્રન્સ એક જ નિર્ણય લઇ છે કે** તમારા બાળક/કોને એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાનનો વિષય બનાવવા કે નહિં.

**આ મિટીંગમાં કોણ કોણ હશે?**

લગભગ માતાપિતાને હંમેશા એક ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સમાં આમંત્રિત કરવામાં આવે છે, ભલે તેઓ સાથે રહેતા ના હોય તો પણ. તમારા બાળકના સોશ્યલ વર્કર એક ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સમાં કાયમ હાજર રહેશે.

બીજા લોકો જેને કદાચ આમંત્રિત કરવામાં આવે છે તેઓ નીચે મુજબ હોય શકેઃ

- ટિચર
- હેલ્થ કાર્યકરો જેમ કે હેલ્થ વિઝિટર, સ્કુલ નર્સ, જીપી, હોસ્પીટલના ડોક્ટર વગેરે
- પોલિસ
- પ્રોબેશન (અજમાયશ સંસ્થા) કે યુથ ઓફેન્ડીંગ (ગુનાહિત યુવા વ્યક્તિ) માટેના ઓફિસર
- તમારા બાળકના જીવનમાંના બીજા અગત્યના લોકો દા.ત. કનેક્શન્સ એડવાઇઝર, યુથ વર્કર વગેરે

જે કોઇને કોનફ્રન્સમાં આમંત્રિત કરવામાં આવે છે તેઓને એક રિપોર્ટ લખવાનું કહેવામાં આવશે.

**મારી સાથે હું કોઇને લાવી શકું?**

જો તમે ઇચ્છો તો તમારી સાથે મદદ માટે એક મિત્રને, તમારા ફેમેલી નેટવર્કનો કોઇ ભાગ, સગા કે સોલિસિટરને લાવી શકો છો પણ તેઓએ એ સમજવું જરૂરી છે કે તેઓ ત્યાં અભિપ્રાય દેવા માટે નથી સિવાય કે તેમને એ માટે પુછવામાં આવે.

જો તમને એક ઇન્ટરપ્રીટરની કે સાઇન કરનારની જરૂર હોય તો તમારા બાળકના સોશ્યલ વર્કર એક યોગ્ય વ્યક્તિને આમંત્રિત કરવાની ગોઠવણ કરશે.

**હું હાજરી આપી શકું નહિં તો શું?**

કોનફ્રન્સ ગોઠવવા માટે અમે હંમેશા અમારી બનતી કોશીશ કરીએ કે તે માતાપિતા માટે અનુકુળ સમયે હોય કારણ કે તમારા અભિપ્રાયો ઘણા મહત્વપુર્ણ છે. મિટીંગમાં આવેલા લોકો ત્યાં તમને અને તમારા બાળકને મદદ કરવા માટે હોય છે અને તેઓ માટે એ જાણવું જરૂરી છે કે તમને મદદરૂપ શું શું લાગશે.

તમે કોનફ્રન્સમાં આવી શકો તો માટે તમારા બાળકના સોશ્યલ વર્કર તમને વ્યવહારૂ ગોઠવણ કરવામાં મદદ કરશે જેમ કે પહોંચવા માટે વાહન વ્યવહાર અથવા બાળ સંભાળ.

જો તમને એવું લાગે કે કોનફ્રન્સમાં આવવાથી તમને અથવા તમારા બાળકને જોખમ વધી શકે એટલે તમે હાજરી આપી શકશો નહિં, તો અમે એવી રીતો વિષે વિચારણા કરી શકીએ જેનાથી સૌ સુરક્ષિત રીતે પોતાના અભિપ્રાયો આપી શકે. જો તમને કોનફ્રન્સમાં હાજરી આપવાનો વિચાર વધારે પડતો મુશ્કેલ લાગતો હોય તો તમારે તમારા બાળકના સોશ્યલ વર્કર સાથે વાત કરવાની કે બીજી કઇ જુદી જુદી રીતો હોય શકે જેથી કોનફ્રન્સમાં આવેલા લોકોને તમારા વિચારો જણાવી શકાય.

## એક ચાઇલ્ડ ઇન નીડ પ્લાન

કોઇ કોઇવાર ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સના સભ્યો એવું નક્કી કરશે કે તમારા બાળકને ગંભીર હાનિ થવાનું જોખમ નથી અને તમારા બાળકને એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાનની જરૂર નથી.

એવું હોય શકે કે તમને અને તમારા ફેમેલીને કોઇ મદદ અને ટેકાની જરૂર હોય ભલે તમને હાનિ થવાનું જોખમ ના હોય તો પણ; જ્યારે આવું હોય છે ત્યારે કોનફ્રન્સના સભ્યો એક ચાઇલ્ડ ઇન નીડ માટેનું સુચન કરે છે.

હું આ નિર્ણય સાથે સહમત ના થાઉં તો શું?

જ કોનફ્રન્સે કરેલા નિર્ણય વિષે તમે રાજી ના હોય, તો અપીલ કરવાનો તમે અધિકાર ધરાવો છે, અને અધ્યક્ષ (ચેર) તમને સમજાવશે કે આવું કેવી રીતે થાય.

જે પ્રમાણે કોનફ્રન્સ ચલાવવામાં આવ્યું હોય, અથવા તો જોડાયેલા કોઇ પણ કાર્યકરોના વર્તાવ વિષે જો તમને કોઇ ફરિયાદ કે ટિપ્પણી કરવી હોય તો તમે એક કમ્પલેન્ટ્સ એન્ડ કોમપ્લીમેન્ટ્સની પત્રીકા વિષે પુછી શકો જેમા શું કરવું તેની વિગતો જણાવેલ છે.

## એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાન

જો એ નિર્ણય લેવાય કે એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાન જરૂરી છે, તો તે પ્લાનમાં નીચે મુજબનું હશેઃ

- તમારા બાળકને અને તમને મદદ કરવા માટે ચિલ્ડ્રન્સ સોશ્યલ કેર તેમજ બીજી એજન્સીસે શું કરવું જરૂરી છે
- પરિસ્થિતિને સુધારવા માટે તમે અને તમારી ફેમેલી શું કરી શકો
- ચેર એ વાતની ખાતરી કરશે કે બધાને ખબર હોય કે તેઓ પાસે શું અપેક્ષા રાખવામાં આવી રહી છે

મારા બાળકને એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાન છે તેની કોને જાણ થશે?
ગુપ્તતા ઘણી જ મહત્વની બાબત છે, અને કોનફ્રન્સ ચેર હાજર રહેલા લોકોને આ વિષે યાદ કરાવશે. અમે અત્યંત કાળજી રાખશું કે જે લોકોને આ જાણવું જરૂરી છે, જેથી કરીને તેઓ તમને અને તમારા બાળકને મદદ કરી શકે ફક્ત તેઓને જ આ માહિતી આપવામાં આવે છે

**હવે પછી શું થશે?**

જો એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાન કરવામામ આવે તો લોકોનું એક જુથ, જેને કોર ગ્રુપ કહેવાય છે તેઓ તમને મળશે એ ખાતરી કરવા માટે કે પ્લાનમાં બધા જે કરવા માટે મંજુર થયા હતા તે કરે છે તેમજ તમારૂં બાળક સુરક્ષિત છે અને તેની વ્યાજબિ રીતે સંભાળ રાખવામાં આવે છે. ત્રણ મહિના પછી એક બીજું કોનફ્રન્સ થશે એ જોવા માટે કે તમારા બાળકને હજી સુરક્ષા માટેના પ્લાનની જરૂર છે અને જો હોય તો તેમાં કંઇ ફેરફાર કરવાના છે કે નહિં.
તમને કોનફ્રન્સનો એક લેખિત અહેવાલ મળશે ભલે તમે હાજરી ના આપી હોય તો પણ. જે નિર્ણયો લેવાયા હશે તેની તમારા બાળકના સોશ્યલ વર્કર મિટીંગ બાદ શક્ય એટલું જલદી તમારી સાથે ચર્ચા કરશે.

**મારૂં બાળક ત્યાં હશે?**

તમારા બાળક/કોના સોશ્યલ વર્કર એ વિચારણા કરશે કે શ્રેષ્ઠ રીત કઇ છે જેથી તમારૂં બાળક કોનફ્રન્સમાં ભાગ લઇ શકે. જો તે હાજરી આપવા ઇચ્છતું હોય અને આપણે બધા સહમત થઇએ કે તે હાજર થશે તે તો તેના માટે એ મદદરૂપ થશે, તો તેઓને પુરી અથવા અમુક ભાગની મિટીંગમાં હાજરી આપવાનું આમંત્રણ આપવામાં આવશે.

**આ મિટીંગનું અધ્યક્ષપણું (ચેર) કોણ કરશે?**

આ મિટીંગના ચેર એક સ્વતંત્ર ચેરપર્સન હશે જે આ ચાઇલ્ડ પ્રોટેક્શન તપાસમાં કે તેમાં જોડાયેલા સ્ટાફને સંભાળવામાં કોઇ ભાગ ભજવતા નથી.
મિટીંગની પેલા ચેર તમારો સંપર્ક કરશે, તે/તેણી સમજાવશે કે આ મિટીંગ કેમ ચાલશે અને તમારા કોઇ પણ સવાલો કે ચિંતાઓ હશે તેના જવાબ આપશે.

**<u>તે કેટલો સમય ચાલશે?</u>**

એ જણાવવું અઘરૂ છે કે દરેક મિટીંગ કેટલો સમય ચાલે પણ એક પહેલીવારની (ઇનિશ્ય) કોનફ્રન્સ લગભગ દોઢથી 2 કલાક ચાલવાની શક્યતા હોય છે. રીવ્યુ (ફેરતપાસ) માટેની કોનફ્રન્સિસ હંમેશા આથી ટુંકી હોય છે.

**<u>મિટીંગમાં શું થાય છે?</u>**

આ ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સ એક ગોઠવેલી કાર્યસુચિ મુજબ ચાલશે જેથી બધા નીચે મુજબની બાબત વિષે સ્પષ્ટ હોય

- આ તપાસ શરૂ કરાવનારા આક્ષેપો, બનાવ અથવા ચિંતાઓ.
- શું તપાસો કરવામાં આવી છે અને તેમાંથી જોવામાં આવ્યું.
- કોઇ વધુ માહિતી
- તમારા બાળકને કઇ પ્રકારનું જોખમ છે
-

ચેર સૌને, તમને પણ, એ તક આપશે કે તમે કંઇ બોલી શકો અને સવાલો પુછી શકો. તમને એ મોકો આપવામાં આવશે કે તમારા વિષે જે કંઇ કહેવામાં આવ્યું હોય તેના વિષે તમારો અભિપ્રાય આપી શકો. કોનફ્રન્સ દરમિયાન અમુક બાબતોની ચર્ચા કરવી પડે જે, અમુક કારણસર, ગુપ્ત હોય. આવા સમયે તમને અને તમારી મદદ કરનારને રૂમની બહાર જવાનું કહેવામાં આવશે, સામાન્ય રીતે ચેરે તમને આ વિષે અગાઉથી જણાવેલ હશે જો આવું થવાની શક્યતા હશે તો.

**<u>એક ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સ શું નિર્ણય લઇ શકે?</u>**

એક ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સ એ નક્કી કરશે કે તમારા બાળકને હાનિ થવાનું ગંભીર જોખમ છે અને તેના અથવા તેણીના માટે એક 'મલ્ટી એજન્સી (બહુ સંસ્થા) ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાન' જરૂરી છે કે નહિં.

કોનફ્રન્સના ચેર એ નક્કી કરશે કે જે હાનિ થવાનું જોખમ છે તેને 'શારિરીક અત્યાચારનું જોખમ' જાતિય (સેક્સ્યુલ) અત્યાચાર, લાગણીમય અત્યાચાર, કે અવગણના તરીકે વર્ણવી શકાય. જો કોનફ્રન્સ એવું નક્કી કરે કે તમારા બાળકને એક પ્રોટેક્શન પ્લાન (સુરક્ષા યોજના)ની જરૂર નથી તો કદાચ એવું બને કે તમને અને તમારા બાળકને થોડી વધુ મદદથી ફાયદો થશે જેને ચાઇલ્ડ ઇન નીડ પ્લાન કહે છે.

**<u>એક ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાન શું છે?</u>**

જો ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સના સભ્યો એવું નક્કી કરે કે તમારા બાળકને હાનિ થવાનું જોખમ છે, તો તેઓ એક પ્રોટેક્શન પ્લાન કરવાની શરૂઆત કરશે જેમાં એ જણાવવામાં આવશે કે તેઓ સુરક્ષિત હોય અને તેમની વ્યાજબિ રીતે સંભાળ રાખવામાં આવે છે તેની ખાતરી કરવા માટે શું કરવું જરૂરી છે.

# ચાઇલ્ડ પ્રોટેક્શન કોનફ્રન્સિસ માટેની કાર્યસુચિ

- **ઓળખાણો, હેતુ અને ગેરહાજર રહેલા સભ્યોની માફી**
- **(મિટીંગ માટેનું કારણ)**
- **ખતરાનું નિવેદન અને સુરક્ષાનું લક્ષ્ય**
- **નેટવર્કના સવાલો (તેમાં જીનોગ્રામ – પરિવાર વડલાનો સમાવેશ કરવો)**
- **મેપીંગ – નકશો આલેખનઃ** (અમે કઇ બાબતો વિષે ચિંતિત છીએ, શું બરાબર ચાલે છે તેમજ જટીલ બાબતો)
- **ચાઇલ્ડ પ્રોટેક્શન પ્લાનની ફેરતપાસ તેમજ કોર ગ્રુપનું કાર્ય.** *જો એક રીવ્યુ કોનફ્રન્સ હોય તો.*
- **ગુપ્તતાનું થોભણ** *મિટીંગની શરૂઆતમાં અથવા અધવચ્ચે.*
- **માપણી (સ્કેલીંગ)–**
- **હવે પછી શું થવું જોઇએ.**
- **બોટમ લાઇન્સ** (સૌથી અગત્યનું)
- **સમયરેખા.**
- **આ પ્લાનમાં કોણ કોણ જોડાયું છેઃ**
- **સેફ્ટી પ્લાન/પ્લાનના નિયમો**
- **કટોકટી માટેની યોજના**
- **પ્લાનનું રેકોર્ડીંગ કરવું અને તે દર્શાવવું**
- **સુરક્ષાની વસ્તુનો પ્લાન**
- **નિર્ણય અને પ્રકાર**
- **કોર ગ્રુપના સભ્યો**
- **સમય, તારીખ અને રીવ્યુ મિટીંગ માટેનું સ્થળ.**